ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૪ ટકા

# એક હજારથી વધુ શિક્ષકો સાયન્સ સિટી ખાતે શિક્ષક દિનની ઉજવણીમાં જોડાયાં

ગાંધીનગર, તા.૬

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે તા.૫ સપ્ટેમ્બરે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. ગુજરાત સાયન્સ સિટી અને ગુજકોસ્ટ દ્વારા કૉમ્યુનિટી સાયન્સ સેંટર્સ સાથે શિક્ષકો પ્રતિ સન્માન વ્યકત કરી તેમના પ્રયત્નોને બિરદાવવા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સાયન્સ સિટી દ્વારા ગુકોસ્ટના સહયોગથી રિજનલ કૉમ્યુનિટી સાયન્સ સેંટર્સ દ્વારા રાજયભરના તાલુકાઓના શિક્ષકોને – એજયુકેશન અને મનોરંજનના હબ – સાયન્સ સિટીની મુલાકાત લેવા અને આત્મનિર્ભર ભારતની દિશામાં શિક્ષણ ને અલગ દરષ્ટિકોણ થી જાણવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. જાણીતા શિક્ષણશાસ્ત્રી ગિજુભાઈ ભરાડ ઉપસ્થિત આમંત્રિતોને સંબોધિત કરતા જણાવ્યું કે "શિક્ષકોએ વિવિધ ભાષાઓ શીખવી જોઈએ, જેથી જ્ઞાનનો પ્રચાર વધુ નાગરિકો સુધી થઈ શકે." શિક્ષકો પ્રત્યે ખાસ આદરભાવ દર્શાવવા ગુજરાત સાયન્સ સિટી આજે ૫ સપ્ટેમ્બરને સોમવારે માત્ર શિક્ષકો માટે જ ખુલ્લી રાખવામા આવી હતી. ગુજરાતના ૩૩ જિલ્લાઓના એક હજારથી વધુ શિક્ષકો સાયન્સ સિટી ખાતે આ ઉજવણીમાં સહભાગી બન્યા હતા. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી નાગરિકોને વિજ્ઞાન સથે જોડતું લોકપ્રિય સ્થળ બની ગયું છે.

જનસમુદાયમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા ગુજરાત સાયન્સ સિટી દ્વારા સમયાંતરે આઉટરીચ પ્રોગ્રામ્સ, એક્ટિવિટીઝ, ઉજવણી કરવામાં આવે છે.

# આર.એન.પટેલ પ્રા.સ્કુલ ખાતે સ્વયં શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૬

આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલ ખાતે શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત સમગ્ર શાળાનું સંચાલન ૭૫ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ દિવસે ધોરણ ૧ થી ૮ ના તમામ વર્ગોમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું.આ ઉપરાંત શાળાના અન્ય કાર્યો જેવા કે ક્લાર્ક, સેવકભાઈ, પ્રિન્સીપાલ તથા સુપરવાઈઝરના ભાગે આવતી કામગીરી પણ વિદ્યાર્થીઓ દ્વારા જ નિભાવવામાં આવી હતી. વર્ગમાં શિક્ષણ કાર્યના સમાપન બાદ સર્વે શાળા પરિવારની સામાન્ય સભાનું આયોજન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું શાળાના શિક્ષકો દ્વારા અવલોકન કરીને બેસ્ટ શિક્ષક તરીકે ઠક્કર પ્રાચી સુરેશભાઈની પસંદગી કરાઈ હતી. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ દ્વારા આ પર્વની ઉજવણી સુંદર અને સફળ આયોજન બદલ શાળાના તમામ વિદ્યાર્થીઓનો તથા શાળાના શિક્ષકભાઈઓ કે.કે.પટેલ અને પ્રકાશભાઈ.પી.પટેલની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા.

## આર.સી.પટેલ સ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૬

આર.સી.પટેલ સ્કુલમાં ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ શિક્ષક દિન નિમિત્તે શિક્ષક બન્યા હતા. શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધો.૧૨ના જોષી કિશને આચાર્યની જવાબદારી સંભાળી હતી તો શિક્ષક દિવસમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષકના મહત્વની વાત રજુ કરી હતી. તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

સરકારી પ્રાથમિક શાળા પાલજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ પોતે શિક્ષક બની જીવનમાં ગુરુનું મહત્વ અને શિક્ષક દિનનું મહત્વ સમજ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય અને શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ અને શિક્ષકોનું સન્માન કરવાનો દિવસ છે. વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ના વિદ્યાર્થીઓ એ પણ શિક્ષક બની અને અલગ-અલગ વર્ગો માં અલગ-અલગ વિષયો લઈ બાળકોને ભણાવ્યા હતા. પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓએ ક્લાસ લીધા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને પુષ્પગુચ્છ તથા કાર્ડ આપી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

# ચૌધરી બીએડ કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ચૌધરી બી.એડ્ અને ચૌધરી એમ.એડ્ મહિલા કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના અધ્યક્ષ પ્રોફેસર મિલન મિસ્ત્રી તેમજ પ્રોફેસર મનોજ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મંડળના તમામ ટ્રસ્ટીગણ તેમજ એમ.એડ્ કૉલેજના પ્રિન્સીપાલ અને અધ્યક્ષ ડૉ.પરવીનબાનું મલેક તેમજ બી.એડ્ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. દિનેશ પટેલ તેમજ સમગ્ર સ્ટાફ અને તાલીમાર્થી બહેનો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'શિક્ષક દિન' ની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મદિનને શિક્ષકદિન સાથે જોડેલા આ દિવસે શાળાના વિદ્યાર્થી શિક્ષક-શિક્ષિકાઓ બની વિવિધ વિષયોને આવરી, શાળા શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. વિદ્યાર્થી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ આ અદભૂત અનુભવોને રજૂ કરી, અનેરો ઉત્સાહ તેમજ શિક્ષકોના મૂલ્યવાન કાર્યને માનભેર બિરદાવ્યા હતા.

પાલજ સરકારી પ્રાથમિક શાળામાં નવીનતન પ્રોજેક્ટ તરીકે પ્લાસ્ટિક સંગ્રહ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી.આઇઆઈટી ગાંધીનગર અને પાલજ સરકારી પ્રાથમિક શાળાના ઉપક્રમે આઇઆઈટીના વિદ્યાર્થી અને શાળાના આચાર્ય હિતેશ પટેલ તેમજ સ્ટાફની મદદથી પ્લાસ્ટિકના રિસાયકલ માટેનો પ્રોજેક્ટ અમલીકરણ કરવામાં આવ્યો હતો.

# સરકારી વિનયન કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૬

૫મી સપ્ટેમ્બર ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણ ના જન્મદિન નિમિત્તે સમગ્ર દેશમાં "શિક્ષણ દિન"ની ઉજવણી થાય છે. આ સંદર્ભે સરકારી વિનયન કોલેજ સેક્ટર ૧૫ ખાતે વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષણ દ્વારા શિક્ષણદિનની ઉજવણી કરેલ જેમાં ૬૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૨૮ જેટલી વિદ્યાર્થી બહેનો અને ૩૩ વિદ્યાર્થી ભાઈઓએ અધ્યાપકની ભૂમિકામાં સફળતાપૂર્વક કામગીરી કરી પુંડરિક હીરપરા અને કાજલ પટેલ સેમેસ્ટર-પના વિદ્યાર્થીઓએ અનુક્રમે પ્રિન્સિપાલ અને વાઈસ પ્રિન્સિપાલની ભૂમિકા સુપેરે નિભાવી હતી. સમગ્ર આયોજન વિદ્યાર્થી પ્રતિનિધિ સમિતિ એ માનનીય આચાર્ય ડો.અનુપા ચૌહાણના માર્ગદર્શન હેઠળ થયું.

# લાયન્સ કલબ દ્વારા અંધજન શાળા ખાતે શિક્ષક દિવસની ઉજવણી

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને સે-૧૬, અંધજન શાળા દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, સર્ટીફીકેટ, શિલ્ડ અને ગણવેશના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સાથે દેશભક્તિના ગીતોના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર રૂપાબેન કેશાજી ઉ.વ.૮૫, માણેકપુર, માણસા
- સ્વ.સુખડીયા અનીલાબેન લલીતભાઈ ઉ.વ.૫૮, સેકટર-૨૫
- સ્વ.વાઘેલા સજજનબેન રતનસિંહ ઉ.વ.૮૨, પેથાપુર
- સ્વ.પરમાર શિવાભાઈ ચુંથાભાઈ ઉ.વ.૭૩, મોટી આદરજ
- સ્વ.રાણા જમકુબેન મગનભાઈ ઉ.વ.૫૪, સેકટર-૨૪

# જન્મદિને વધામણી

પરિમલ પટેલ
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮

જીનલ ચૌહાણ

પાયલ કમલેશભાઈ પરમાર

ડો. નિધિ એમ. લેકીનવાલા

જૈમિન ઠાકોર
મો. ૯૭૨૭૪૦૧૦૭૪



ચિરાગ પી વ્યાસ
મો. ૯૮૨૫૫ ૫૭૯૬૭

શૈલેષ એ કાપડિયા
મો. ૯૬૩૮૭ ૪૫૯૬૯

રમ્ય એમ. જાદવ
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫

ડો. રાહુલ પટેલ

સુહાની હિમાંશુભાઈ ડાભી

# સાબરમતી યુનિવર્સિટીમાં ટીચર્સ ડેની ઉજવણી



ગાંધીનગરઃ સાબરમતી યુનિવર્સિટી ખાતે ટીચર્સ ડે નિમિત્તે ખાસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા ખાસ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. જ્યોતિ શ્રીવાસ્તવ દ્વારા ટીચર કોણ હોય છે અને ટીચરનું શું મહત્વ હોય છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ યુનિવર્સિટીના ડીન-એકેડેમિક્સ ડૉ. પરશુરામ ધાકડ દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન પર વાત કરવામાં આવી હતી સાથે જ તેમણે ઉપસ્થિત તમામ સભ્યોને ટીચર્સ ડેની શુભેચ્છા પાઠવી હતી. સાથે જ અન્ય ફેકલ્ટી મેમ્બર ડૉ. વિશાલ ગુપ્તા, ડૉ. રચના મિશ્રા, ડૉ. સાહિલ શ્રીવાસ્તવ, ડૉ. જ્યોત્સના વર્મા, એકતા મહેતા દ્વારા ટીચર્સ ડે નિમિત્તે ખાસ રચનાઓ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ફેકલ્ટી મેમ્બર્સ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તેમની અંદર રહેલી ટેલેન્ટને રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ભાષા વિભાગના ફેકલ્ટી અનિકેત દ્વારા કરવામાં આવ્યું હતું. આ આખા કાર્યક્રમનું આયોજન ઈવેન્ટ કમીટીના સભ્યો ડૉ વિજયાલક્ષ્મી પાંડે, તિર્થા કરમાકર અને મેઘના ડે દ્વારા કરવામાં આવ્યું હતું.

# એસ.વી. સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી

સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં શિક્ષકદિનની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના વિદ્યાર્થીઓ કાર્યકારી શિક્ષકો બનીને આવ્યા હતા. સવારે પ્રાર્થનાથી શરૂઆત કરી, આ કાર્યકારી શિક્ષકોએ નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના બાળકોને સમગ્ર દિવસ દરમિયાન શાળાનું શિક્ષણકાર્ય અત્યંત નિષ્ઠાથી કરાવ્યું હતું. સ્કૂલ તરફથી એસ.વી. પ્રાઈમરી સ્કૂલના કાર્યકારી શિક્ષકોને ગેમ્સ રમાડી, ડાન્સ કરાવી, સ્વાદિષ્ટ નાસ્તો તથા રિટર્ન ગિફ્ટ આપવામાં આવ્યા હતા.

# આર.એન.પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓ કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલની મુલાકાતે

ગાંધીનગર, તા.૬

શ્રીમતી આર. એન. પટેલ પ્રાઈમરી શાળાનાધોરણ-૪ ના ૧૨૦ વિદ્યાર્થીઓએ કર્ણાવતી દાંતની હોસ્પિટલ, ઉવારસદની મુલાકાત લીધી હતી. હોસ્પિટલના સ્ટાફે સૌપ્રથમ વિદ્યાર્થીઓને દાંતના પ્રકાર અને તંદુરસ્ત દાંત વિશે સમજ આપીને દાંત તંદુરસ્ત રાખવા માટે શાકભાજી તથા ફળો ખાવા જોઈએ તેમજ પિઝા આઈસ્ક્રીમ ઠંડા પીણા ન ખાવા જોઈએ તેવી સલાહ આપી હતી. ચોકલેટ ખાવી હોય તો ભોજન સાથે ખાવી જોઈએ. ભોજનમાં પ્રોટીન અને કેલ્શિયમ મળે તેવા ખોરાક ખાવા બાળકોમાં અંગૂઠો ચૂસવો, મોઢેથી શ્વાસ લેવો જેવી આદતો સારી નહીં તેના કારણે દાંતના વિકાસમાં વિલંબ પડે દાંત આડાઅવળા આવે તેમજ દાંતમાં સડો કેમ થાય? તેમજ જો સડો થયો હોય તો તે કેવી રીતે દૂર કરાય તેમજ તેના ઉપર કેપ કેવી રીતે લગાવાય તે સમજાવ્યું. ત્યારબાદ દરેક વિદ્યાર્થીને ચેક અપ કરવાની ખુરશી પર બેસાડીને દાંત ચેક કર્યા હતા. ત્યારબાદ બધા વિદ્યાર્થીઓએ આખી હોસ્પિટલની મુલાકાત લીધી પછી તેના સુંદર ગાર્ડનમાં બેસીને બાળકોએ નાસ્તો કર્યો પછી ત્યાં રમત રમ્યા બાળકો એ ગીત ગાયા ડાન્સ કર્યો તેમજ બાળકોને ગાર્ડનમાં રમત રમવાની ખૂબ મજા પડી વિદ્યાર્થીઓની સાથે નીરવભાઈ, બબીતાબેન , નયનાબેન તેમજ અર્ચનાબેને મુલાકાત લીધી હતી.

# એમ.બી.પટેલ પ્રાયમરી સ્કુલમાં શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૬

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૭૫ વિદ્યાર્થીનીઓએ શાળાના ૩૦ વર્ગોમાં શૈક્ષણિક કાર્ય વિવિધ પ્રકારના મોડેલ, ચાર્ટસ અને શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી સંભાળ્યું હતું. બેસ્ટ શિક્ષક તરીકે પટેલ પ્રિયાંશી કમલેશભાઈની પસંદગી કરાઈ હતી તો આચાર્ય તરીકે સારગાણી તન્વી તથા સુપરવાઈઝર તરીકે પ્રજાપતિ ક્રિષા, વાઘેલા ધ્રુવિકાબા, ચૌધરી દિયાએ જવાબદારી સંભાળી હતી. શાળા દ્વારા ક્લાર્ક અને સેવકની પણ પસંદગી કરવામાં આવી હતી. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન પ્રસંગોને ઝાંખી કરાવીને શિક્ષકોનો કેટલો ફાળો રહેલ છે તે વિશે માહિતગાર કર્યા હતા. ભાગ લેનાર તમામને શાળા દ્વારા ચોકલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પંડ્યા પ્લક્ષાએ કર્યું હતું.